પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવઃ સંધ્યા સભા - 'સમરસતા દિન'

પ્રમુખસ્વામીના સમત્વદૃષ્ટિયુક્ત સર્વજનહિતાય દિવ્ય જીવનને અંજલિ

ભેદભાવને દૂર કરવાના મૂળભૂત ઉપાયો કરીને પ્રમુખસ્વામી મહારાજે સમાજ અને રાષ્ટ્રના ઉત્થાનમાં અપૂર્વ યોગદાન આપ્યું : અનેકવિધ સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક આગેવાનોએ સમતાના મેરુ એવા પ્રમુખસ્વામી મહારાજને જન્મશતાબ્દીએ અર્પણ કરી શ્રદ્ધાંજલિ





આજે 'સમરસતા દિન'ના ઉપક્રમે, પ્રમુખસ્વામી મહારાજ નગરમાં વિશાળ ભક્તમેદનીથી છલકાતાં નારાયણ સભાગૃહમાં ભારતના અનેકવિધ ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક ક્ષેત્રના અગ્રણીઓ અને જાહેરજીવનના અનેક પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. 'સમત્વમ્ યોગ ઉચ્યતે '- ગીતાની આ ઉક્તિના મૂર્તિમંત સ્વરૂપ એવા પ્રમુખસ્વામી મહારાજના જીવન અને કાર્ય વિષયક વિશિષ્ટ પ્રસ્તુતિમાં આજે દર્શાવવામાં આવ્યું કે દેશ-વિદેશ, ગરીબ-અમીર, નાત-જાત, શિક્ષિત-અશિક્ષિતના ભેદ જોયા વગર પ્રમુખસ્વામી મહારાજે સૌ કોઈને અપનાવ્યા. બધામાં ભગવાન જોવાની દૃષ્ટિ પ્રમુખસ્વામી મહારાજની સમરસતાનું મુખ્ય કારણ હતું. તેમની આ દૃષ્ટિ સમાજ અને રાષ્ટ્રના ઉત્થાન માટે પ્રમુખ પરિબળ બની રહી. ભગવાનના ધૂન, પ્રાર્થના અને કીર્તન સાથે સાંજે ૫.૧૫ વાગ્યે કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. પોતાના જીવનમાં શ્રીમદ્ ભગવદ્ગીતા કથિત સમત્વ યોગ જેમણે સિદ્ધ કરી લીધો હતો એવા પ્રમુખસ્વામી મહારાજને પ્રથમ ભક્તિસંગીત દ્વારા વિશિષ્ટ અંજલિ આપવામાં આવી હતી. પ્રમુખસ્વામી મહારાજના સમતાથી યુક્ત જીવનકાર્યને પૂ. આદર્શજીવન સ્વામીએ 'પ્રમુખ ચરિતમ' પ્રવચનમાળા હેઠળ 'સમરસતાના શિખર પ્રમુખસ્વામી મહારાજ' વિષયક વિશિષ્ટ પ્રવચન દ્વારા ઉજાગર કર્યુંહતું. 'પછાતોના પ્રેમછત્ર પ્રમુખસ્વામી મહારાજ' વિષયક વિડિયો પ્રસ્તુતિ દ્વારા પ્રમુખસ્વામી મહારાજની સમત્વની ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિનું દર્શન કરાવવામાં આવ્યું. આજના કાર્યક્રમમાં વિશ્વભરમાંથી અનેકવિધ મહાનુભાવોએ સમત્વના શિખર એવા પ્રમુખસ્વામી મહારાજને વાક-પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

રાજ્ય અને રાષ્ટ્રને મજબૂત કરવાનો અભિગમ જનજન સુધી પહોંચાડવા

કોંગ્રેસ દ્વારા "હાથ સે હાથ જોડો અભિયાન" સાથે પદયાત્રા

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પ્રદેશના હોદ્દેદારો, શહેર જિલ્લા પ્રમુખો, ધારાસભ્યોની 'હાથ સે હાથ જોડો' અભિયાન સાથે પદયાત્રાના આયોજન માટે એક અગત્યની બેઠક મળી હતી.

ગુજરાતના પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે રાહુલ ગાંધીની આગેવાનીમાં ભારત જોડો યાત્રાનો ઉદ્દેશ્ય ભારતને એક કરવાનો છે સાથે આવવાનો અને આપણા રાષ્ટ્રને મજબૂત કરવાનો. આ યાત્રા ૭મી સપ્ટેમ્બરે કન્યાકુમારીથી શરૂ થઈ હતી અને ૧૨ રાજ્યોમાંથી પસાર થશે, જે જમ્મુ અને કાશ્મીરમાં પરિણામવાની છે અને તેનો અભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહ્યો છે.

રાજસ્થાનના પૂર્વ આરોગ્યમંત્રી અને ગુજરાત કોંગ્રેસના સંગઠન પ્રભારી ડૉ. રઘુ શર્માજીએ જણાવ્યુ હતુ કે ભારત જોડો યાત્રા - લગભગ ૧૫૦ દિવસના સમયગાળામાં લગભગ ૩૫૦૦ કિલોમીટરનું અંતર કાપશે. યાત્રાને પહેલેથી જ અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે, આજે આ યાત્રા ૧૦૪ દિવસ અવિરત રોજના ૨૫ કિ.મી. ચાલીને આપણા રાષ્ટ્રને વિભાજિત કરી રહેલા આર્થિક, સામાજિક અને રાજકીય મુદ્દાઓ સામે અવાજ ઉઠાવી રહી છે અને કોંગ્રેસના નેતાઓની સાથે લાખો લોકો આંદોલનમાં જોડાયા છે.

આ યાત્રા પ્રચંડ બેરોજગારી અને મોંઘવારી, નફરત અને વિભાજનની રાજનીતિ અને આપણી રાજકીય વ્યવસ્થાના અતિશય કેન્દ્રીકરણને સંબોધવા માંગે છે જીવનના તમામ ક્ષેત્રના લોકો આ ઐતિહાસિક ચળવળનો ભાગ બનવા માટે એકઠા થઈ રહ્યા છે. તે ભારતની એકતા, તેની સાંસ્કૃતિક વિવિધતા અને તેના લોકોના અવિશ્વસનીય મનોબળની ઉજવણી છે.

બેઠકમાં સર્વાનુમતે 'ભારત જોડો' યાત્રા અંતર્ગત આગામી ફેબ્રુઆરી ૨૦૨૩થી સમગ્ર ગુજરાત રાજ્યમાં દરેક ગ્રામ પંચાયત અને મતદાન મથકના વિસ્તારને આવરી લે તે રીતે 'હાથ સે હાથ જોડો' અભિયાન સાથે પદયાત્રાનું આયોજન કરીને રાજ્ય અને રાષ્ટ્રને મજબૂત કરવાનો અભિગમ જનજન સુધી પહોંચાડવામાં આવશે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પ્રદેશ બેઠકમાં રાજસ્થાનના પૂર્વ આરોગ્યમંત્રી અને ગુજરાત કોંગ્રેસના સંગઠન પ્રભારી ડૉ. રઘુ શર્માજી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ જગદીશ ઠાકોર, પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, અર્જુનભાઈ મોઢવાડીયા, સિદ્ધાર્થભાઈ પટેલ, અમિત ચાવડા, કાર્યકારી પ્રમુખ લલીતભાઈ કથગરા, જીગ્નેશભાઈ મેવાણી, વિધાનસભા કોંગ્રેસ પક્ષના પૂર્વ નેતા સુખરામ રાઠવા, ધારાસભ્ય શૈલેષભાઈ પરમાર, કીરીટભાઈ પટેલ, દિનેશભાઈ ઠાકોર, અમૃતજી ઠાકોર એ.આઈ.સી.સી.ના મંત્રી અને ગુજરાત સંગઠનના સહપ્રભારી ઉષા નાયડૂ, બી.એમ. સંદિપ, પ્રદેશ અગ્રણી જયનારાયણ વ્યાસ, એ.આઈ.સી.સી.ના મંત્રી સોનલબેન પટેલ, ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના પ્રમુખ હરપાલસિંહ ચુડાસમા, ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ જેનીબેન ઠુંમર, એન.એસ.યુ.આઈ.ના પ્રમુખ નરેન્દ્ર સોલંકી, ઓ.બી.સી. ડીપાર્ટમેન્ટના ચેરમેન ઘનશ્યામ ગઢવી સહિત શહેર જિલ્લા પ્રમુખો, પ્રદેશ આગેવાનો, પ્રદેશના પદાધિકારીઓ, સેલ-ડીપાર્ટમેન્ટના પ્રમુખો,પૂર્વ ધારાસભ્યો તથા પ્રદેશ પ્રવક્તાઓ હાજર રહ્યા હતા.

રાજ્યમાં હજુ ઠંડી બરોબર જામી નથી રહી

રાજ્યમાં આગામી પાંચ દિવસ વાતાવરણ સૂકૂં રહેવા આગાહી : હજુ પણ બેવડી ઋતુનો અનુભવ થશે, ઉતરી પવન ફૂંકાવાના કારણે પારો ગગળતા ઠંડીનો ચમકારો અનુભવાશે

અમદાવાદ, તા.૨૧

આમ તો ડિસેમ્બર મહિનો એટલે કડકડતી ઠંડીની શરૂઆત હોય પરંતુ ગુજરાતમાં હજુ ઠંડી પોરો બરાબર સેટ થયો નથી. તો આજુ રાજસ્થાનના હીલ્સસ્ટેશન માઉન્ટ આબુને શિયાળાની અસર થઈ ગઈ છે. થોડા સમય પહેલા જ માઉન્ટ આબુના તાપમાનનો પારો કુલ્લુ-મનાલી અને મસૂરી કરતાં નીચે પહોંચી ગયો હતો. ગયા અઠવાડીએ માઉન્ટ આબુનું રાત્રિનું તાપમાન દેશના ૧૦ હિલ સ્ટેશન કરતા પણ નીચે એટલે કે શૂન્ય પર આવી ગયું છે. જ્યારે ગુજરાત હવામાન વિભાગની આગાહી કહે છે કે આગામી ૫ દિવસ વાતાવરણ સૂકું રહેશે.અને હજુ પણ બેવડી ઋતુનો અનુભવ થશે. તેમના જણાવ્યા પ્રમાણે ઉતરી પવન ફૂંકાવાના કારણે પારો ગગળતા ઠંડીનો ચમકારો અનુભવાશે.

હવામાન વિભાગના ડાયરેકટર મનોરમાં મોહંતીએ હવામાનની આગાહી કરતાં જણાવ્યું હતુ કે આગામી ૫ દિવસ સૂકું વાતાવરણ રહેશે. અને આગામી ૫ દિવસ વરસાદની પણ કોઈ આગાહી કરવામા આવી નથી. જ્યારે રાત્રી દરમિયાન તાપમાન ઘટવાની શકયતા બતાવી છે. એટલે કે રાત્રે લગભગ ૨ થી ૪ ડીગ્રી તાપમાન ઘટવાની શક્યતા છે. આજે ગુજરાતના મુખ્ય શહેરના તાપમાન આ મુજબ નોધાયા હતા. આજે અમદાવાદમાં ૧૪ ડિગ્રી અને ગાંધીનગરમાં ૧૨.૪ ડિગ્રી તાપમાન નોધાયું હતું, જ્યારે નલિયામાં સૌથી ઓછું ૧૦ ડિગ્રી આસપાસ તાપમાન નોધાયું હતુ. તો સુરતમાં ૧૮.૮ ડિગ્રી, વડોદરામાં ૧૬.૬ ડિગ્રી, રાજકોટમાં ૧૫.૬ ડિગ્રી તાપમાન નોધાયું હતું.

પાણીનું સ્તર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પહેલા સરકારી બોર આધારિત પાણી વ્યવસ્થા હતી. તમામ સેક્ટરમાં મળીને ૬૮ જેટલા પાણીના બોર ચલાવીને સરિતા વોટર વર્કસ અને ચરેડી વોટર વર્કસની ઉંચી ટાકીઓ ભરીને નગરમાં બે ઝોન પાડીને સવારે તથા સાંજે પાણી અપાતું હતું. ત્યારે પાતાળ કુવાઓનો ભરપૂર ઉપયોગ કરવામાં આવતો હતો.

નર્મદાના પાણીની ઉપલબ્ધી બાદ સમગ્ર શહેરમાં એક સાથે સવારે જ બે કલાક પાણી અપાય છે. છતાં સમયાંતરે ઉઠતી ઓછા દબાણથી પાણી મળવાની ફરિયાદો ઉકેલવા સેક્ટરોના બોરનો ઉપયોગ પાણીની લાઈન ભરવા માટે થાય છે પાણીની લાઈનનું નેટવર્ક જુનુ છે પર્યાપ્ત અલબત્ત સક્ષમ લાઈન નું નેટવર્ક નથી , જેના લીધે લીકેજીસ ની સમસ્યા વધી છે . ઉપરોક્ત બન્ને કારણ પણ પાણીનો ફોર્સ ઘટવામાં જવાબદાર બને છે. સાબરમતી નદીના પાતાળ કુવાના પાણીનો વિતરણમાં ઉપયોગ કરવો પડે છે યોગય વરસાદ અને સંત સરોવરમાં પાણીના સંગ્રહથી કુવાઓની પાણીથી અડધા મીટરનું સ્તર વધી ગયું છે

પેપરલેસ થશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોડ તેમજ પંચાયત માટે અલગ કોડ આપી ફાઈલોનું સબમશીન કરવામાં આવશે.

જિલ્લા અને તાલુકાઓમાં રેકર્ડનું ડિજીટાઈઝેશન કરી દેવામાં આવ્યુ છે એટલુ જ નહિ જિલ્લામાં નવી ફાઈલોનું સ્ક્રીનીંગ કરી અને ઓનલાઈન કરવાની રહેશે.

હવે આંગળીના ટેરવે જ વહીવટીય ચાલશે અને ખૂબ મોટી વહીવટીય ક્રાંતિનો આરંભ થશે તેમ સચિવાલયના સૂત્રોએ કહ્યુ છે.

બેઠકોનો દૌર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચુસ્તપણે પાલન કરવા અને તમામ CHC-PHC કેન્દ્ર એક્ટિવ કરવા સૂચના અપાઈ છે. આ સાથે દિલ્લીથી જે સૂચના મળશે તેનુ ચૂસ્તપણે પાલન કરાશે તેવું જણાવ્યું હતું. રાજ્યમાં આરોગ્ય વિભાગ દ્વારા પામ માહિતી અનુસાર ૨૦ જેટલા કેસ નોંધાયેલા છે. ૨૦ દર્દીઓ સ્ટેબલ માનવામાં આવી રહ્યા છે. ગઈકાલે રાજ્યમાં કોરોના વધુ બે કેસ નોંધાયા છે જે કેસની વાત કરીએ તો અમદાવાદ ૧, બનસકાંઠા ૧ કેસ નોંધાયો છે. રાજ્યમાં ૨૦ પોઝિટિવ દર્દીમાંથી એક પણ દર્દી વેન્ટિલેટર પર નથી વિગતો છે. ગઈ કાલે ૩૦૩૦ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું.

સતર્ક રહેવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

તકનીકી સલાહકાર જૂથ (નેટજી)ના અધ્યક્ષ એન.એલ. અરોરા અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

આ દરમિયાન કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને તેમની ભારત જોડો યાત્રા દરમિયાન કોવિડ માર્ગદર્શિકાનું સખતપણે પાલન કરવા અથવા તેને મુલતવી રાખવા વિનંતી કરી હતી. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે મંગળવારે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નવા પ્રકારો પર નજર રાખવા માટે સકારાત્મક નમૂનાઓની જીનોમ સિક્વન્સિંગ વધારવા વિનંતી કરી હતી.

રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને લખેલા પત્રમાં, કેન્દ્રીય આરોગ્ય સચિવ રાજેશ ભૂષણે જણાવ્યું હતું કે આવી કવાયત દેશમાં નવા વેરિયન્ટ સમયસર શોધવામાં મદદ મળશે અને જરૂરી જાહેર આરોગ્ય પગલાં હાથ ધરવા માટે સુવિધા આપશે. તેમણે કહ્યું કે ટેસ્ટ-ટ્રેક-ટ્રીટ-રસીકરણની પાંચ-ગણી વ્યૂહરચના અને કોવિડ-યોગ્ય વર્તણૂકના પાલન પર ધ્યાન કેન્દ્રિત કરીને ભારત કોરોના વાયરસના સંક્રમણને પ્રતિબંધિત કરવામાં સક્ષમ છે અને સાપ્તાહિક ધોરણે લગભગ ૧,૨૦૦ કેસ નોંધાઈ રહ્યા છે.

ચીનમાં કોવિડ ઉછાળાએ સંભવિત નવા પ્રકારો વિશે ચિંતાઓ જન્માવી છે. ચીને આ મહિને લોકડાઉનની તેની કડક શૂન્ય-કોવિડ નીતિ હળવી કરતા કોરોનાએ હાહાકાર મચાવી દીધો. સ્થિતિ એવી છે કે, હોસ્પિટલ્સ હાઉસફુલ થઈ ગયા છે. ૧.૪ અબજ લોકોના દેશમાં વાયરસ ફેલાયો છે, જેમની પાસે કુદરતી રોગપ્રતિકારક શક્તિનો અભાવ છે, જેઓ આટલા લાંબા સમયથી સુરક્ષિત છે, સંભવિત મૃત્યુ, વાયરસ પરિવર્તન અને અર્થતંત્ર અને વેપાર પરની અસર વિશે ચિંતા વધી રહી છે.

બંધ કરો

● અનુસંધાન પહેલાનું ચાલુ

યાત્રીઓનું વેક્સિનેશન થઈ ગયું છે. તેમણે સરકારને અપીલ કરી છે કે આખા દેશ માટે સમાન એડવાઈઝરી જારી કરવામાં આવે. કોંગ્રેસની ભારત જોડો યાત્રા આજે હરિયાણામાં છે. કોંગ્રેસના ઘણા દિગ્ગજ નેતાઓ પણ તેમની સાથે ચાલી રહ્યા છે. તમિલનાડુથી શરૂ થયેલી આ યાત્રા આજે હરિયાણા પહોંચી છે અને ત્યારબાદ પંજાબ જશે. સૂત્રોનું માનીએ તો સ્વાસ્થ્ય મંત્રીની બેઠકમાં કોવિડ-૧૯ના નવા પ્રકાર અંગે નિષ્ણાતોના અભિપ્રાય પર ચર્ચા કરવામાં આવશે. ઉપરાંત, સૌથી મોટી સમસ્યા વિદેશથી ભારત આવતા લોકો માટે નિયમો બનાવવાની છે. દેશમાં કોવિડ-૧૯ના હાલના પ્રકારો અને તેમની સ્થિતિ વિશે પણ આજે ચર્ચા કરવામાં આવશે. લોકો શિયાળાની રજાઓમાં અને નાતાલના ત્રણ દિવસ અને નવા વર્ષની ઉજવણીના એક અઠવાડિયા પછી ઘણી મુસાફરી કરે છે. આવી સ્થિતિમાં, સરકાર નવા વર્ષના આગમનના સંદર્ભમાં આયોજિત કાર્યક્રમોમાં તકેદારી સંબંધિત નિયમો પર ચર્ચા કરી શકે છે.

ઝડપી લેવાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પોલીસે એસટીએફ અને ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ સાથે મળીને ગોવર્ધન રોડ પર જણાવેલ સ્થળે દરોડો પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી ૭ આરોપીઓની ધરપકડ કરી હતી. પોલીસ, એસટીએફ અને વન વિભાગની સંયુક્ત ટીમ ઘટનાસ્થળે પહોંચી ત્યારે ધરપકડ કરાયેલા લોકોના વાહનો, ઈનોવા અને હોન્ડા સિટીની તપાસ કરતાં તેમાંથી ચંદનના લાકડા મળી આવ્યા હતા. જ્યારે ટીમે પકડાયેલા લોકો પાસેથી લાકડા અંગે પૂછપરછ કરી તો તેઓ કોઈ જવાબ આપી શક્યા ન હતા. ત્યારબાદ પોલીસ સ્ટેશન લાવી પોલીસે લાકડાનું વજન કરાવ્યું તો તે ૫૬૩ કિલો નીકળ્યું.

ચંદનના તસ્કરો પાસેથી ઝડપાયેલા ૫૬૩ કિલો લાકડાની કિંમત ૧ કરોડ રૂપિયા છે. પકડાયેલા તસ્કરો ગોવર્ધન રોડ પરની ગુલમહોર સોસાયટી પાસેના નિર્જન વિસ્તારમાં ચંદન ઉતારવાના હતા.

કંપની સમાચાર

જીએચસીએલ ફાઉન્ડેશને ગુજરાતના ૩૪ ગામોમાં એસએચજીને સક્ષમ બનાવી માઈક્રોફાઈનાન્સને સુદ્રઢ બનાવ્યું

સામાજિક રીતે જાગૃત અને જવાબદાર સંસ્થા તરીકે જીએચસીએલની સીએસઆર શાખા જીએચસીએલ ફાઉન્ડેશન સેલ્ફ-હેલ્પ ગ્રૂપો (એસએચજી)ની રચના કરીને ગુજરાતમાં આવેલી તેની ઉત્પાદન ફેસિલિટીઓની આસપાસ વસતાં સમુદાયોનું ઉત્થાન કરવાની દિશામાં નિરંતર પ્રયત્નશીલ છે. ગ્રામજનોના નાણાકીય સમાવેશનને સુવિધાજનક બનાવવાની દિશામાં લેવામાં આવેલ એક મોટા પગલાં તરીકે ગુજરાતના ૩૪ ગામોમાં ફક્ત માઈક્રોફાઈનાન્સના સેક્ટરમાં જ ૧૧૫ એસએચજીની રચના કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૪-૨૦૧૫માં તેની સ્થાપના થવાથી લઈને અત્યાર સુધીમાં ગ્રામજનો કુલ ૧૭ લાખ રૂપિયાની બચત કરી શક્યાં છે.

વિવિધ જરૂરિયાતો માટે નાણાકીય સહાય મેળવવી એ ગ્રામજનો માટે એક મોટી ચિંતાની બાબત છે. રાષ્ટ્રીયકૃત અને કૉઑપરેટિવ બેંકો તરફથી નિયમિત રીતે પ્રાપ્ત થતી બેંક લૉનો ગ્રામજનોને ઉપલબ્ધ હતી પરંતુ જાગૃતિના અભાવે નાણાકીય સમાવેશન અને નાણાકીય સાક્ષરતા એમ બંને બાબતો પડકારજનક બની ગઈ હતી. આથી, માઈક્રોફાઈનાન્સ એ એક એવું મહત્ત્વનું સેક્ટર હતું, જેમાં એસએચજીની રચનાને વેગ મળ્યો.

સુત્રાપાડા, લાઠી, કડવાર, નખાડા, બિજ, ઝાલા વડોદરા, અલિદ્રા, સુત્રાપાડા બંદર, સવાણી, તિધાર, મોહોબતપારા અને બવાણી વાવ એ ગીર-સોમનાથના કેટલાક એવા ગામ છે, જ્યાં અમારા મોટાભાગના લાભાર્થીઓ વસે છે.